# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૨ તા.૨૮-૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ૩૦મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ-૨૦૧૯ની તા.૪-૨-૨૦૧૯ થી તા.૧૦-૨-૨૦૧૯ દરમ્યાન ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંકઃ પ્રાશિનિ/સંકલન/૨૦૧૯/૮૦૮-૬૮ તા.૨૩-૧-૧૯નો પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, રાજયના નાગરિકો અને ખાસ કરીને યુવાધનમાં માર્ગ સલામતી બાબતે જાગૃતિ કેળવવાના હેતુસર રાજ્ય સરકારે ચાલુ વર્ષે તા.૪-૨-૨૦૧૯ થી ૧૦-૨-૨૦૧૯ દરમ્યાન "**રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ - ૨૦૧૯**"ની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે.

૩૦મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ-૨૦૧૯ની તા.૪-૨-૨૦૧૯ થી તા.૧૦-૨-૨૦૧૯ દરમ્યાન દરેક શાળામાં આ સાથે સામેલ બિડાણપત્ર મુજબ રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ-૨૦૧૯ની ઉજવણી કરવાની રહેશે. માર્ગ સલામતી સપ્તાહ દરમ્યાન કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ તા.૧૨-૨-૨૦૧૯ સુધીમાં સુપરવાઇઝરશ્રીને ઇમેઇલથી મોકલી આપવાનો રહેશે.

ઉક્ત બાબતે કોઇ પ્રશ્ન જણાય તો GSRTC Help desk team નો સંપર્ક સાધવાનો રહેશે. Tollfree No.1800-233-666666 or 079-22835000

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૮-૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/૨૦૧૯/૮૦૮-૬૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૨૩/૦૧/૨૦૧૯

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, ગાંધીનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- ૩૦મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ-૨૦૧૯ ની ઉજવણી કરવા બાબત.
**(તા.૦૪/૦૨/૨૦૧૯ થી તા.૧૦/૦૨/૨૦૧૯)**
સંદર્ભઃ- વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી, ગાંધીનગરના પત્ર નં-૭/માર્ગસલામતી/ રો.સે.સપ્તાહ૨૦૧૯/૧૮૪ તા.૨૨/૦૧/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, રાજ્યના નાગરીકો અને ખાસ કરીને યુવાધનમાં માર્ગ સલામતી બાબતે જાગૃતિ કેળવવાના ઉદ્દાત હેતુસર રાજ્ય સરકારે ચાલુ વર્ષે તા.૦૪/૦૨/૨૦૧૯ થી તા.૧૦/૦૨/૨૦૧૯ દરમ્યાન "રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ-૨૦૧૯" ની ઉજવણી કરવાનુ નક્કી કરેલ છે.

રાજ્યના સતત થઈ રહેલ આધુનિકરણ અને રાજ્યમાં સતત વધતી જતી વાહનોની સંખ્યાને ધ્યાને લેતા રાજ્યમાં થતાં માર્ગ અકસ્માતોમાં વધારો નોંધાયેલ છે. વર્ષ ૨૦૧૮ ના જાન્યુઆરી થી સપ્ટેમ્બર-૨૦૧૮ દરમ્યાન કુલ ૧૩,૯૧૪ માર્ગ અકસ્માતો નોંધાયેલ છે. જેમાં ૫૯૨૩ વ્યક્તિઓએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. આ પ્રાણઘાતક અકસ્માતોમાં યુવાનો વધુ ભોગ બન્યા છે. એટલે કે વયજૂથ ૨૨ થી ૩૫ વર્ષના યુવાનો તેનો સૌથી વધુ ભોગ બનેલ છે. રાજ્ય સરકારે આ અકસ્માત દર અને મૃત્યુ દર ઘટાડવા બાબતે વર્ષ ૨૦૨૦ સુધીમાં ૫૦% ઘટાડો લાવવા લક્ષ્યાંક નક્કી કરેલ છે. જે માટે રાજ્ય સરકારના તમામ વિભાગો સઘન પ્રયાસો હાથ ધરી રહેલ છે.

"૩૦મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ-૨૦૧૯" ની ઉજવણીનો કાર્યક્રમ આ સાથે સામેલ રાખેલ છે. જે અંગે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. માર્ગ સલામતી સપ્તાહ દરમ્યાન કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ તા.૧૫/૦૨/૨૦૧૯ સુધી આ કચેરીને ઈ-મેઈલથી મોકલી આપવાનો રહેશે.

ઉક્ત બાબતે કોઈ પ્રશ્ન જણાય તો **GSRTC Hepl desk team** નો સંપર્ક સાધવાનો રહેશે.

Tollfree NO. 1800-233-666666 or 079-22835000 Email. ID. ctcmgsrtc@yahoo.co.in

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ . . .**

- વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૬/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned by CamScanner

**વી. પી. પટેલ** (આઈ.એ.એસ.)
*વાહન વ્યવહાર કમિશ્નર*

*વાહન વ્યવહાર કમિશ્નર*
*ગુજરાત રાજ્ય*
*બ્લોક નં.૬, બીજો માળ,*
*ડૉ. જીવરાજ મહેતા ભવન,*
*ગાંધીનગર-૩૮૨ ૦૧૦*

सत्यमेव जयते

નં૭/માર્ગ સલામતી/રો.સે.સપ્તાહ૨૦૧૯/૯૮૪
તારીખ :- 22 JAN 2019

વિષય :- ૩૦મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ ની ઉજવણી કરવા બાબત.

સંદભ -: Ministry of Road Transport & Highways, New Delhi ના તા.28.12.2018 ના પત્ર ક્રમાંક :- RT-25029/07/2018-RS.

રાજ્યના સતત થઈ રહેલ આધુનિકરણ અને રાજ્યમાં સતત વધતી જતી વાહનોની સંખ્યાને ધ્યાને લેતાં રાજ્યમાં થતાં માર્ગ અકસ્માતોમાં વધારો નોંધાયેલ છે. વર્ષ ૨૦૧૮ના જાન્યુઆરીથી સપ્ટેમ્બર-૧૮ દરમ્યાન રાજ્યમાં કુલ ૧૩,૯૧૪ માર્ગ અકસ્માતો નોંધાયેલ હતાં. જેમાં ૫,૯૨૩ વ્યક્તિઓએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતાં. આ પ્રાણ ઘાતક અકસ્માતોમાં યુવાનો વધુ ભોગ બન્યા છે. એટલેકે વય જૂથ ૨૨ થી ૩૫ વર્ષના યુવાનો તેનો સૌથી વધુ ભોગ બનેલ છે. રાજ્ય સરકારે આ અકસ્માત દર અને મૃત્યુ દર વધવા બાબતે વર્ષ ૨૦૨૦ સુધીમાં ૫૦% નો ઘટાડો લાવવા લક્ષ્યાંક નક્કિ કરેલ છે. જે માટે રાજ્ય સરકારના તમામ વિભાગો સઘન પ્રયાસો હાથ ધરી રહેલ છે.

રાજ્યના નાગરિકો અને ખાસ કરીને યુવાધનમાં માર્ગ સલામતી બાબતે જાગૃતિ કેળવવાના ઉદ્દાત હેતુસર રાજ્ય સરકારે ચાલુ વર્ષે તા.૦૪.૦૨.૨૦૧૯ થી તા.૧૦.૦૨.૨૦૧૯ દરમ્યાન "રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ-૨૦૧૯" ની ઉજવણી કરવા નિર્ધાર કરેલ છે. જેની થીમ "સડક સુરક્ષા-જીવન રક્ષા" છે.

આ બાબતે સરકારશ્રીના વિભાગો જેવાકે ગૃહ (પોલીસ), માર્ગ અને મકાન, શિક્ષણ, માહિતિ, આરોગ્ય, શહેરી વિકાસ તેમજ જાહેર પરિવહનની સેવા આપતી સંસ્થાઓ જેવીકે GSRTC, AMTS, BRTS તથા માર્ગ સલામતી વિષયે કાર્યરત વ્યક્તિ વિશેષ, એન.જી.ઓ.,ઔદ્યોગિક ગૃહો,ટ્રક/બસ/રીક્ષા/ડ્રાઇવીંગ સ્કુલ એસોસિએશનોના સહકારથી આ સપ્તાહની ઉજવણી કરવા વિનંતી છે. જે સબબ કરવાની થતી કાર્યવાહીનુ કે સુચિત આયોજન આ સાથે સામેલ છે.

આ સાથે સામેલ કાર્યક્રમ મુજબ કચેરીની વહીવટી અનુકૂળતાને ધ્યાને લઇ તેના સમય પત્રકમાં ફેરફાર કરી શકાશે. આ સમગ્ર સપ્તાહ દરમ્યાન કાર્યરત ટીમવાનના નિયત કાર્યક્રમ ઉપરાંત જેતે કચેરીના વડાની સૂચના તથા માર્ગદર્શન હેઠળ તેનો ઉપયોગ કાર્યક્રમના સ્થળે કરવાનો રહે છે. સમગ્ર સપ્તાહની ઉજવણી દરમિયાનનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી છે.

*કચેરી : ૦૭૯-૨૩૨૫૧૩૬૧, ફેક્સ : ૦૭૯-૨૩૨૫૧૩૬૨, મો. ૯૯૭૮૪૦૮૫૬૭, ઈ-મેઈલ :* commi-trans@gujarat.gov.in

તથા માર્ગ અને મકાન વિભાગના સહયોગથી દુર કરવામાં આવેલ દબાણો, લેવામાં આવેલ ટ્રાફિક કામીંગ મેઝર, માર્ગ ઉપરની નીશાનીઓ અને બ્લેક સ્પોટ તથા પોટહોલ્સના રિપેરીંગ બાબતે આપની ટીમ દ્વારા સંયુક્ત મુલાકાત લઇને અત્રે રિપોર્ટ કરે તેવી સૂચના આપના તાબાની કચેરીઓને આપવા વિનંતી છે.

"રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ-૨૦૧૯" ની ઉજવણી અન્વયે આપના દ્વારા થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની કચેરીને તા.૨૦.૦૨.૨૦૧૯સુધીમા મોકલી આપવા વિનંતી છે.

બીડાણ:- સૂચિત આયોજન.

(વી.પી.પટેલ)
વાહન વ્યવહાર કમિશનર.
અને
રોડ સેફ્ટી કમિશનર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,

૧. વાઇસ ચેરમેન શ્રી અને મેનેજીંગ ડિરેક્ટરશ્રી, GSRTC અમદાવાદ.
૨. પોલિસ મહાનિર્દેશકશ્રી, ગાંધીનગર
૩. કમિશનરશ્રી,નગરપાલીકાઓ,ગુજરાત રાજ્ય.
૪. કમિશનરશ્રી આરોગ્ય અને કુટુંબ કલ્યાણ
૫. મ્યુનિસિપલ કમિશનરશ્રી અમદાવાદ.
૬. કમિશનરશ્રી પ્રાથમિક શિક્ષણ ગાંધીનગર.
૭ .કમિશનરશ્રી ઉચ્ચ શિક્ષણ ગાંધીનગર
૮. મુખ્ય ઇજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ
૯.. ચેરમેનશ્રી WIAA
૧૦. ચીફ ઓપરેટીંગ ઓફિસરશ્રી. **GVK EMRI**
૧૧. ડિરેક્ટરશ્રી **NHAI** સુપર મૉલ ઇન્ફોસીટી.

નકલ રવાના પ્રતિ :-

૧) જનરલ મેનેજરશ્રી, AMTS તરફ જાણ તથા કાર્યવાહી અર્થે.
૨) જનરલ મેનેજરશ્રી, BRTS તરફ જાણ તથા કાર્યવાહી અર્થે.
૩) ડિરેક્ટરશ્રી NCC. અમદાવાદ તરફ જાણ તથા અમલ અર્થે.
૪) ડિરેક્ટરશ્રી NSS. અમદાવાદ તરફ જાણ તથા અમલ અર્થે.

# ૩૦ મા રાષ્ટ્રીય રોડ સેફ્ટી વીકની ઉજવણીનો કાર્યક્રમ

## તારીખ :- ૦૪.૦૨.૨૦૧૯ થી ૧૦.૦૨.૨૦૧૯

| વિભાગ :- શિક્ષણ વિભાગ | |
|---|---|
| તારીખ | કરવાના થતા કાર્યક્રમો |
| ૦૪.૦૨.૨૦૧૯ થી ૧૦.૦૨.૨૦૧૯ | ૧, રોડ સેફ્ટી વીકનું ઉદઘાટન.<br>૨, શાળાઓના વિદ્યાર્થીઓને શપથવીધી.<br>૩, શાળાઓમાં માર્ગ સલામતી મેળાઓનું આયોજન. (શાળા/કોલેજોમાં માર્ગ સલામતી વિષયક નિબંધ લેખન, વકૃત્વ સ્પર્ધા, નાટ્ય પ્રવૃત્તિ તથા પ્રદર્શનનું આયોજન, પોસ્ટર્સ. તથા મ્યુનિસીપલ શાળાઓ તથા ગ્રામ્ય વિસ્તારની શાળાઓના બાળકોને માર્ગ સલામતી તથા ટ્રાફિકના નિયમો બાબતે જાગૃત કરવા નિષ્ણાતો દ્વારા સેમિનારનું આયોજન કરવું.)<br>૪, શાળા/કોલેજોમાં નિષ્ણાતો દ્વારા ટ્રાફિકના નિયમો, માર્ગ પરના ચિહ્નો, માર્ગ ઉપર વાહન ચલાવતી વખતે અન્ય ઉપભોક્તા બાબતે રાખવાની સાવચેતી બાબતે સેમીનાર.<br>૫, Good samaritan અંગે આરોગ્ય ખાતા સાથે રહી શાળા કોલેજોમાં સમજ આપતા સેમીનાર. |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૨-A તા.૨૮-૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રાણ આપનાર શહીદોની સ્મૃતિમાં બુધવાર તા.૩૦મી જાન્યુઆરી,૨૦૧૯ના દિવસે બે મિનિટ મૌન પાળવા બાબત.

સંદર્ભ :- ક્રમાંકઃ ટીએમએસ-૧૦૨૦૧૨-૧૧૨-ઘ સામાન્ય વહીવટનો તા.૧૫-૧-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, તા.૩૦મી જાન્યુઆરી,૨૦૧૯ને બુધવારના રોજ શહીદ દિન નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટનું શાળામાં મૌન પાળવા માટે જણાવવામાં આવે છે. તેમજ આ સાથે બિડાણ પત્ર મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૮-૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

નોંધ :- આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ અંબુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલય દ્વારા યોજાતા વાર્ષિક રમતોત્સવમાં ભાગ લેનાર વિજેતાઓએ તા.૩-૨-૧૯ના રોજ સવારે ૯-૦૦ કલાકે સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે અચૂક હાજર રહી પ્રમાણપત્ર તથા ટ્રોફી મેળવી લેવા.

તા.૨૮-૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

તાત્કાલિક / સમય મર્યાદા.

સરકારી પત્ર
સેન્ટ્રલ ઓફીસ
(રજીસ્ટ્રી શાખા)
ઈ.નં. 5212
તા.23/1/2019

ક્રમાંકઃ ટીએમએસ-૧૦૨૦૧૨-૧૧૨-ઘ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૫/૦૧/૨૦૧૯

606/19
23/1/19

પ્રતિ

૧) પ્રમુખશ્રી, ગુજરાત વેપારી મહામંડળ, શ્રી અંબિકા મીલ્સ / ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ, જુની નટરાજ સીનેમા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ

૨) પ્રમુખશ્રી, અમદાવાદ મિલ માલિક મંડળ, આશ્રમ રોડ, અમદાવાદ

૩) જનરલ મેનેજરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, અમદાવાદ

૪) એરીયા મેનેજરશ્રી, પશ્ચિમ રેલ્વે, અમદાવાદ

૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ

૬) સ્ટેશન મેનેજરશ્રી, ઇન્ડીયન એરલાઇન્સ, ખાનપુર, લાલ દરવાજા, અમદાવાદ-૧

૭) નિયામકશ્રી, નેશનલ એરપોર્ટ ઓથોરીટી, અમદાવાદ એરપોર્ટ, અમદાવાદ-૧૨

વિષયઃ- ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રાણ આપનાર શહીદોની સ્મૃતિમાં બુધવાર, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ના દિવસે બે મિનિટ મૌન પાળવા બાબત.

શ્રીમાન,

ઉપરના વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, બુધવાર, તારીખઃ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ બે મિનિટ મૌન પાળવા અંગે આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૧૯ના પરિપત્રની એક નકલ આ સાથે મોકલી આપવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

(કલ્પેશ ભટ્ટ)
ઉપસચિવ (પ્રો)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

23/1/19

તારીખ: ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯, બુધવારના રોજ શહીદ દિન નિમિત્તે મૌન પાળવા તથા શહીદ વીરોના બલિદાનને ઉચિત ગૌરવપૂર્ણ કાર્યવાહી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: ટીએમએસ-૧૦૨૦૧૨-૧૧૨-ઘ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૫/૦૧/૨૦૧૯

## પરિપત્ર

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯, બુધવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ વાગે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવે છે અને આખા દેશમાં શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહન વ્યવહારની ગતિ તે બે મિનિટ પૂરતી બંધ રાખવામાં આવે છે.

૨. આગામી ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯, બુધવારના રોજ શહીદ દિન નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા અંગે નીચે મુજબની સુચના આપવામાં આવે છે.

(૧) ૩૦મી જાન્યુઆરી શહીદ દિનના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સમગ્ર રાજ્યમાં બે મિનિટ મૌન પાળવાનું અને કામકાજની અને વાહન વ્યવહારની ગતિ તેટલો સમય બંધ રાખવાની રહેશે.

(૨) જે સ્થળે સાયરનની વ્યવસ્થા કે સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ કલાકે એક મિનિટ માટે એટલે કે, ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી કે તોપ ફોડી બે મિનિટ માટે મૌન પાળી સુચના આપવાની રહેશે અને બે મિનિટ બાદ એટલે કે ૧૧.૦૨ કલાકથી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વગાડવાની રહેશે અને ત્યારબાદ રાબેતા મુજબનું કામકાજ શરૂ કરવાનું રહેશે.

(૩) જે સ્થળોએ સાયરન કે ઉપર મુજબના સંકેતની વ્યવસ્થા ઉપલબ્ધ હોય ત્યાં સાયરન સંભળાય એટલે સૌ પોત પોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શકય હોય તો ભેગા મળી મૌન પાળવાનું રહેશે.

(૪) જે સ્થળોએ સાયરન કે અન્ય કોઇ સંકેતની વ્યવસ્થા ન હોય ત્યાં ૧૧.૦૦ કલાકે બે મિનિટ માટે મૌન પાળવા સારૂ સંબંધિતોને જાણ કરતા આદેશો બહાર પાડવાના રહેશે.

૩. શહીદો પ્રત્યેનું ઋણ અદા કરવાનો આ અવસર ગંભીરતાથી લેવાય અને શહીદો પ્રત્યે શ્રધ્ધા - સન્માનની ભાવના પણ જાગૃત થાય તેથી શહીદ દિને શહીદો પ્રત્યે દરેક વર્ગના લોકો સક્રિય સાથ સહકાર

તે માટે શહીદ દિને નીચે મુજબના પગલાં લેવા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયની સ્થાયી સુચના મુજબ નીચેની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૧) શહીદ દિનનું મહત્વ સમજાય અને યોગ્ય રીતે શહીદ દિન મનાવાય તે માટે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ / કોર્પોરેશન વિગેરેમાં દેશની સ્વતંત્રતા અંગેના વકતવ્ય, સંવાદ વિગેરેનું એવી રીતે આયોજન કરવામાં આવે કે જેથી દેશને અનેક સંઘર્ષ બાદ મળેલ સ્વતંત્રતાનું મહત્વ સમજાય તથા રાષ્ટ્રિય એકતાની ભાવના લોકોમાં ઉભી થાય.

(૨) પ્રસારણ ક્ષેત્રના યુનિટો દ્વારા ભારતીય સ્વતંત્ર્યતા સંગ્રામમાં શહીદ વીરોની ભૂમિકા અને રાષ્ટ્રિય એકતા જેવા વિષયો પર સાંસ્કૃતિક કાર્યક્રમ / ફિલ્મ કે વૃત્ત ચિત્રોનું આયોજન કરવું.

(૩) રાજ્યના વિવિધ વાણિજ્ય અને ઉધોગ સંઘો દ્વારા પણ શહીદ દિન યોગ્ય રીતે મનાવવામાં આવે તે જોવા સંબંધિત વહીવટી વિભાગોને સુચના આપવામાં આવે છે.

૪. ઉપરોકત વિગતે તમામ વિભાગોએ તથા વિભાગ હેઠળના ખાતાના વડાઓ, બોર્ડ / કોર્પોરેશન, શૈક્ષણિક સંસ્થાઓ વિગેરેમાં શહીદ દિન યોગ્ય રીતે અને ભારત સરકારની ઉપરોકત સુચનાઓ મુજબ મનાવાય તે માટે જરૂરી સુચનાઓ પાઠવવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જવલંત ત્રિવેદી)
અધિક સચિવ (પ્રો)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ
માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.
માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રી / રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય દંડકશ્રી / નાયબ મુખ્ય દંડકશ્રી / દંડકશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, લોકાયુકતનું કાર્યાલય, સેકટર-૧૦-બી, ગાંધીનગર.

પોલીસ મહાનિદેશકશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર

સ્ટેશન મેનેજરશ્રી, ઇન્ડીયન એરલાઇન્સ, ખાનપુર, લાલ દરવાજા, અમદાવાદ-૧

નિયામકશ્રી, નેશનલ એરપોર્ટ ઓથોરીટી, અમદાવાદ એરપોર્ટ, અમદાવાદ-૧૨

સચિવાલયના સર્વે વિભાગો- પોતાના વિભાગ હેઠળના ખાતાના વડા, બોર્ડ / કોર્પોરેશનને મોકલવાની વિનંતી સહ.

માહિતી નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.- જરૂરી પ્રસિધ્ધિ અર્થે.

સર્વે જિલ્લા કલેકટરશ્રી } પોતાના જિલ્લામાં આ અંગે યોગ્ય પ્રબંધ કરવા અને સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.

સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રી

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી

કેન્દ્ર નિયામકશ્રી, આકાશવાણી, અમદાવાદ-૩૮૦ ૦૦૯

કેન્દ્ર નિયામકશ્રી, દૂરદર્શન, અમદાવાદ.

અધિક્ષક ઇજનેરશ્રી (વિધુત), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

કાર્યપાલક ઇજનેરશ્રી (વિધુત), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સિલેકટ ફાઇલ.

---

- પત્ર દ્વારા.